ॐ श्री त्रिविक्रमेश्वराय प्रसन्नोस्तु.

સંવત ૧૯૫૬ ના કારતક સુદ ૧૩ ને બુધવારે
વૃશ્ચિક રાશિમાં એકઠા થનાર,

સપ્તગૃહોનું ભાવિ ફળ.

વિદ્વાન જ્યોતિષ શાસ્ત્રીયોના
વરતારાના આધારે.

લખનાર,
શ્રીયુત ત્રિવિક્રમદાસ વર્મ્મા.

પ્રકાશ કરનાર,
ક્ષત્રી રણછોડદાસ લક્ષ્મીરમણદાસ
ઘનશ્યામદાસ.


પ્રથમાવૃત્તિ.

સંવત ૧૯૫૫ ઈ૦ સ૦ ૧૮૯૯

શ્રી "મુદ્રણકલામંદિર" લિમિટેડ—અમદાવાદ.

કિ૦ રૂ. ૦-૧-૦

સપ્ત ગૃહોની કુંડળી. ૭૩૫૬



૭૨૯૪

ॐ श्रीलक्ष्मीनारायणप्रसन्नोस्तु.

સપ્તગૃહોનું ભાવિ ફળ.

શ્લોક

प्रणम्ये परमात्मानं कृष्ण रामानुजंगुरुम ॥

सप्तगृहफलं म्हात्म्यर् कुर्वेप्राकृतभाषया ॥ १ ॥

અર્થ—પરમાત્માને તથા શ્રી કૃષ્ણ ભગવાનને તથા ગુરૂજી શ્રી રામાનુજ સ્વામીજીને પ્રણામ કરીને સપ્તગૃહોનું ફળ તથા મહાત્મ્ય ગુજરાતી ભાષામાં લખું છું.

સપ્ત ગૃહોનું મહાત્મ્ય.

સંવત ૧૯૫૬ ના કારતક સુદ ૧૩ ને બુધવારે વૃશ્ચિક રાશિમાં સૂર્ય, મંગળ, બુધ, શુક્ર, શનિ, ગુરૂ અને રાહુ, આ સપ્ત ગૃહો ઉપલી તિથીએ અને ઉપલી રાશિમાં એકત્ર થવાથી તેનું શું મહાત્મ્ય,

તે નીચે પ્રમાણે. સપ્ત ગૃહોની કુંડળી બીજા પૃષ્ઠમાં આપી છે.

सप्तगृहायदैकस्था गोलयोगस्ताभवेत् ।
दुर्भिक्षं राष्ट्रपीडा च तस्मिन् योगे नृपक्षयः ॥

અર્થ—જ્યારે એક રાશિમાં સાત ગૃહો એકઠા થાય ત્યારે ગોળ નામનો યોગ થાય છે. એ યોગ થયો હોય ત્યારે મોંઘવારી, અનાવૃષ્ટિ જગતને પીડા અને રાજાનો ક્ષય થાય. વળી શાંતિસાર નામના ગ્રંથમાં પણ બતાવ્યું છે જે:—

सप्तगृहसमायोगे क्षितीशमरणंध्रुवम् ।
जगत्प्रलयमेवापि तदानिर्मानुषंजगत् ॥

અર્થ—સાત ગૃહોનો સમાયોગ થયો હોય તો રાજાનું મરણ નિશ્ચે થાય, જગતનો પ્રલય પણ થાય, અને તે યોગમાં જગત મનુષ્ય વગરનું થઇ જાય. વળી કહ્યું છે જે:—

विनाचन्द्रेणयोगोपि जगत्प्रलयकारणम् ।
तदृक्षजातजंतूनां महारोगोमहाभयम् ॥
अर्थनाशःस्थाननाशो मानहानिर्नृपीडनम् ।
षण्मासाभ्यन्तरेवापि आयुर्हानिश्रियस्तथा ॥

અર્થ—સાત ગ્રહોનો યોગ ચંદ્ર વગર થયો હોય તો પણ જગતનો પ્રલય થવાને કારણ થાય છે. અને જે નક્ષત્રમાં એ યોગ થયો હોય તે નક્ષત્રમાં પેદા થયેલા પ્રાણિયોને મોટા રોગ અને ભય થાય. દ્રવ્યનો નાશ થાય, સ્થાનનો નાશ. માનહાનિ, માણસો તરફથી પીડા, છ માસની અંદર આયુષ્યની હાનિ તથા લક્ષ્મીની હાની થાય. વળી જણાવ્યું છે જે:—

जन्माष्टद्वादशेराशौ चतुर्थेपंचमेऽपिवा ।
पूर्वोक्तफलमेवातस्तस्माच्छान्तिप्रयत्नतः ॥

અર્થ—જન્મ રાશિથી આઠમા, બારમા, ચોથા, પાંચમા રાશિમાં એ પ્રમાણે ગ્રહો એકત્ર થઇ યોગ થતો હોય તો પણ ઉપરના શ્લોકમાં જણાવેલું ફળ થાય છે માટે યત્નથી તેઅનિષ્ટનો નિરાશ થવા માટે શાંતિ કરવી. આ વર્ષમાં પૂર્વના સ્વામી પશ્ચિમમાં જશે એટલે ઉત્તર તથા દક્ષિણના સ્વામી પરસ્પર મળીને એક બીજાના સાથી થશે. પછી બધા એકઠા થઇ મહાભારત યુદ્ધ કરશે. તેથી લોહીની નદીઓ ચાલશે.

દોહરો.

ભૃગુગુરૂ એક રાશિમાં, આવીતનું વિચાર;
વર્ષા હોએ અતિ ઘણો, નહિતર યુદ્ધ વિશાળ.

અર્થ—ગુરૂ યુક્ત શુક્ર આવે તો કાંતો ઘણો વરસાદ થાય, કાંતો મહા યુદ્ધ થાય અને લોહીની નદીઓ ચાલે, (આ યોગ ૧૯૫૫ ના આસો સુદ ૪ ને દીને હતો) અને કાગડા, ગીધ, શ્વાન, તથા શીયાળને ઉજાણી થશે. મહા ભયંકર સમય જોવામાં આવશે. કોઇ મહારાજાનું રાજ્ય જશે. શૂરવીર તથા સેનાપતિ દુઃખી થશે. કોઇ કરણ ક્ષેત્રમાં રહેશે. કોઈ મહારાજા મૃત્યુ પામશે. એક રાજા ધિરાજાનો સુયશ ફેલાશે. એક રાજાની અપકિર્તિ થશે, અને એક રાજાનુ આવતું થશે. દેશો દેશ યુદ્ધના સમાચાર સંભળાશે. હીંદુસ્તાનના રાજાઓને આપદા પડશે. કુસંપ વધશે. તથા શિક્કાનું ચલણ થશે. વિંધ્યાચળ પર્વત નજીક રહેનારા માણસોને સંતાપ થશે. યુમનાં નદી પાસ રહેનારાઓને કંઇક ભય ઉપજશે મારવાડ તથા સિંધ દે-

શામાં થોડો દુકાળ પડશે. કટકની પાસે ગાયો, બળદો, ઘોડા, ભેંસો ઇત્યાદિ પશુઓ દુઃખ પામશે. ઘાસ ચારાનો નાશ થશે. દીલ્હી તથા વૈરાટ નગરની પાસે કાંઇક બખેડો થશે. માળવા, ગુજરાત, પાટણ, દક્ષિણ તથા ઉત્તર તરફના અરધા ભાગમાં અનાજની મોંઘવારી થશે. લોકો બહાવરા બની ઘર છોડી નાશવા લાગશે. શ્રાવણથી આસો સુધી ચાર મહિના મરકીનો ઉપદ્રવ રહેશે. મિશ્ર દેશનો લગભગ નાશ થશે. કાનપુર તથા અમદાવાદમાં કાંઇક દુઃખકારક બનાવો બનશે. માળવામાં ઘણાં માણસોમાં મરણો થશે. નર્મદા, ભીમા, શોણ નદીના પશ્ચિમ ભાગો પાસેના રાજાઓપર કાંઇક દુઃખ આવશે. ગોદાવરી, ક્ષીપ્રા, વેણી, મંદાકિની નદીયો પાસે તથા ઉત્તર અરણ્ય અને મલયગિરીની પાસે રહેનારાઓ વધારે ચિંતામાં પડશે. મુંબાઇ, દ્રાવિડ, નાશિક, નાગપુર, ચતરંગ, મદીના, હૈદરાબાદ, (નીઝામ) ત્રાવણકોર, એ શેહેરોમા કાંઇક ભય જાગશે. ઉત્તર તરફના બે મહાપુરૂષોની દોલત જતી રહેશે. તેમજ કેટલાક શાહુકારો ઝાડપર જઇ બેસશે. સર્વ સાધારણ લોકોનું ધન ખરચાઇ જતાં છેક ગરીબ બની જશે. ધનની હાનીથી વેપારને મોટો ધક્કો લાગશે. સોનાનો ભાવ ગઠી જશે. ચાંદીનો ભાવ વધીને પાછો ઘટવા માંડશે. અફીણનો ભાવ ઉતરશે. કાપડનો ભાવ વધશે, ફળ, ફુલ, તથા હાથી ઘોડાની કીમત ઘણી થશે. ઘી, તેલ, કપાસ, નીમક, (મીઠું) ચણા, તુવેર, અડદ, મગ, તલ, તથા ચોખા વીગેરે મોંઘા વેચાશે. કોઇ કોઇ સ્થળે ધરતી કંપ થશે. વજ્ર પાત જોવામાં આવશે. તથા ધુળનો વરસાદ વરસશે. કેટલેક ઠેકાણે રેલવેની સડક તુટી જશે. જવા આવવાનો માર્ગ બંધ પડશે. ચંદ્ર ગહણ થશે, તેમાં ગ્રહણવેળા ચંદ્ર ક્ષે-

રાયલોજ અસ્ત પામશે.

प्रस्तोदिनौवप्रस्तास्तौ, धान्यभूपाळनाशकम् ।
सर्वमस्तोचंद्रसूर्यो दुर्भिक्षमरणंप्रदौ ॥

અર્થ—અસ્તોદય થતાં ગ્રસ્તાસ્ત ચંદ્ર સૂર્ય હોય તો ધાન્ય તથા રાજાનો નાશ થાય, ને સંપુર્ણ હોયતો દુકાળ તથા મરકી ચાલે, આ વરશે એટલે ૧૯૫૫ ના જેઠ સુદ પુનમનું ચંદ્ર ગ્રહણ અસ્તો દય થયું હતું અને આવતા વરશે એટલે ૧૯૫૬ ના માગસર સુદ પુનમનું ચંદ્ર ગ્રહણ ખગ્રાસ અસ્તા સ્ત છે. તો રાજ છત્રભંગ આયોગમાં થાય. અથવા કોઇ ઠેકાણે મોહોર બદલાય. ધાન્યનો નાશ થઇ દુકાળ પડે, અને ભયપ્રાપ્ત થાય. કોઇ સ્થાળે પુંછડીયા તારા તેમજ બીજા પીડાકારી ગ્રહો નજરે પડશે. ઉલ્કાપાત એટલે તારાઓનો નાશ થતો જોવામાં આવશે. પવનનું મહા તોફાન થશે. લાલ તથા ધુમાડા જેવા તરેહવાર રંગનો અંધકાર થશે. હજારો ઝાડ જમીન દોસ્ત થશે. પક્ષીયો દુઃખ પામશે. મેડી મેહેલમાં ઉંચે રહેનારાઓને ભય ઉપજશે. એક મોટો કીલ્લો તુટી પડશે, પર્વતોનાં શિખરો પડવામાંડશે. પશ્ચિમ તરફના મુલકોમાં એટલો બધો વરસાદ થશે કે તેથી લાખો રૂપીયાનું નુકશાન થશે. માલથી ભરેલાં વહાણો દરીયામાં ડુબશે. ચોરલોકો રાહદારીયોને લુટી ઘણું નાણું મેળવશે. વરસાદ કોઇ ઠેકાણે ઘણો ને કોઇ ઠેકાણે મૂદલજ પડશે નહીં. વળી વરસાદ તદન ફીકાશ વાળો પડશે, તેથી પણ દુઃખ થશે. ગરમી ઘણીજ પડશે. ધાનની પેદાશ ઘણીજ નજીવી થશે. તેમજ કયાંઇક વધતી તો કયાંઇક ઓછી એ પ્રમાણે થશે. શીયાળુ પાકનો નાશ થશે. ઢોર ઢાંખર પાળનારાઓ પીડાશે. પિત્તથી થનારા રોગોનો વધારો થશે. સાપ વિંછીનો ભય

વધારે લાગશે. વનચર પ્રાણીયો દુઃખ પામશે. સાધુસંત દુઃખ ભોગવશે. પતિ વ્રતા સ્ત્રીયો કવચિત ગર્ભ ધારણ કરશે. તેની પ્રજા પરાક્રમ વગરની મુર્ખ વિદ્યારહિત જુંઠું બોલનારી અને પરસ્પર કલેશ કરનારી થશે. દાન, પુણ્ય, જપ, હોમ, યજ્ઞ, પૂજન, ગ્રહશાંતિ, દયા, સત્ય શીલ, કોઇ કોઇ ઠેકાણેજ રહેશે. નીચ કામનો વધારો થશે. કન્યાએ જન્મશે તેમને જુવાનીમાં દાઢી મુછ આવશે. સ્ત્રી પુરૂષોમાં કલેશનો વધારો એટલો થશે કે તેઓ એક બીજા તરફ પ્રેમથી વર્તશે નહીં, ને જારકર્મ કરશે. તેમને પરાક્રમી પ્રજા થશે તે એવી કે વેદ વિદ્યા ભણી અર્થનો અનર્થ કરશે, જેટલા બાળકો જનમશે તેમાનાં ઘણાં નપુંશક થશે. અનેક સ્ત્રીયો પુરૂશોનો પોશાક પેહેરી નિર્લજ થઇ બજારમાં ફરવામાં ધર્મ સમજશે. પુરૂષોની સાથે પુરૂસ મૈથુન અધિક કરશે. પુરૂશોનિજ સ્ત્રીનો ત્યાગ કરી પર સ્ત્રીમાં વધારે આશક થશે. સ્ત્રીયો જાર કર્મ વધારે કરશે. પશુઓ સસ્તા વેચાશે. અનેક સ્ત્રીયો ચોરીમાં જશે. મા બાપને છોકરાં અતિશય મરણ તુલ્ય દુઃખ દેશે. અનેક વ્યભિચારણી સ્ત્રીયો પોતાના પતિના હાથેથી મરશે. ગોર લોકો યજમાનોના બારણે પ્રાણ ત્યાગસે. કુકર્મ કરનારી સ્ત્રીયોને બાલકો વધારે જનમશે. તાઢ વધારે પડશે ને અનાચાર વધારશે. નાસ્તિક માણુસો થશે, ને તેમની ચહડતી થશે. મોહોટા કપોળ કલ્પિત મત્ત—પંથ ફેલાવશે. ધર્માત્માઓ ના ધર્મનો નાશ કરશે ઇર્ષા, દ્વેષ, જુઠ, છળ, છિદ્ર, પાખંડ તથા ધૂર્તતાથી તે મગ્ન રહેશે, ને દેશ દેશાવરોમાં ફરતા ફરશે.

ઇતિમહાત્મ્યમ્

સપ્તગૃહોનું ભાવિફળ.

भूपाहवोमहारोगो अल्पसस्यार्घवृष्टय: ॥
नानारोगेति भीतिश्च वत्सरे परिधाविनि ॥ १ ॥

આસંવત્સરનું નામ પરિધાવી છે. તેનું ફળ એ છે કે રાજાઓમાં મહા મોટી લડાઇઓ જાગે, મોટા મોટા રોગો ફાટીની ફળે,વરસાદ થોડો વરસે, અનાજ મોંઘું મળે, અને પ્રાણી માત્ર દુઃખ પામે.

एकराशिंस्थिताह्येते सौम्यशुक्रादिनाधिपा: ॥
सर्वधान्यमहर्घत्वं मेघा.स्वल्पजलप्रदा: ॥ २ ॥

બુધ, શુક્રને સૂર્ય એ એક રાશિપર આવે તો તમાગ અનાજ મોંઘુ મળે, અને વરસાદ થોડો વરસે. (આ યોગ ગોલ્ર યોગથી પ્રથમજ ભાદરવા વદી ૧૧થી થયો છે ૧૯૫૫.) હતો.

एकराशिगतावेतौ धरापुत्रांगिरासुतौ ॥
तदामेघानवर्षंति वर्षाकालेनसंशय: ॥ ३ ॥

મંગળ અને ગુરૂ એક રાશિપર અવેતો ચોમાસામાં વરસાદ પડે નહીં એ વાત નક્કી છે. (આયોગ ૧૯૫૫ના ભાદરવા સુદ ૫થી થયો હતો)

कुजाऽर्कजीवशुक्राश्च यदैकत्रसमाश्रिता: ॥
भयंव्याधिप्रकुर्वन्ति सर्वधान्यमहर्घता ॥ ४ ॥

મંગળ, સુર્ય, ગુરૂ શુક્ર—એ ચાર ગ્રહો જો એક રાશિપર ભેગા થાય તો ભય અને દુઃખ ઉપજાવે, અને તમામ અનાજ મોંઘા થાય.

(આગ્રહ ૧૯૫૬ના કાર્તિક વદી પાંચમેથી થશે.)

गुरुशुक्राऽर्कशशिजा यदैकत्र समाश्रिताः ॥
घातयोगं विजानीया त्साशुत्त्वष्टिस्तदाभवेत् ॥ ५ ॥

ગુરૂ, શુક્ર, સૂર્ય અને બુધ એ ચાર ગ્રહો જો એક રાશિપર હોયતો ઘાત યોગ જાણવો. (આયોગ કાર્તિક વદી ૭ નો છે.)

रविशुक्रसुराचार्य्यां यदकत्रसमाश्रिताः ॥
राज्यभ्रंशःप्रजानाशः सर्वसस्यमहर्घता ॥ ६ ॥

સૂર્ય, શુક્રને ગુરૂ એ ગ્રહો એક રાશિપર આવેતો રાજ્યમાં બિગાડ પ્રજાનો નાશ, અને તમામ ધાન્ય મોંઘુ મળે. (આયોગ કાર્તિવદી ૯નો છે.)

दिवानाथेंदुगुरवो यदेकत्रसमाश्रिताः ॥
उत्तरस्यादिशिभयं प्रजाःक्रन्दन्तीनत्यशः ॥ ७ ॥

સૂર્ય, ચંદ્ર, ગુરૂ આગ્રહજો એક રાશીપર આવેતો ઉત્તર તરફ ભય અને પ્રજામાં નિત્ય કોળાહળ થાય. (આયોગ કાર્તિક વદી ૧૪ નો છે.)

एकराशिगताश्चेते कुजाऽर्कशनिराहवः ॥
शुक्रोगुरुश्च तत्रैव तदाभयविवर्द्धनः ॥ ८ ॥

મંગળ, સૂર્ય, શની, રાહુ, શુક્ર, ગુરૂ–એ ગ્રહો એક રાશી માંહે હોયતો તમામ ઠેકાણે ભય ઉપજાવે. (આયોગ ૧૯૫૬ ના કાર્તિક સુદ ૧૪ નો છે)

जीवाऽर्कशुक्राऽर्कसुतायदेक राशिगताभूमिसुतेनयुक्ताः ॥
भूपालपीडाश्चमहर्घतास्यात्क्रन्दन्तिलोकाश्च भयाभितप्ता ॥९॥

ગુરૂ, સૂર્ય, શુક્ર, શની આગ્રહો જો મંગળની સાથે એક રાશીપર મળેતો. રાજાઓ દુઃખી થાય, ધાન્ય મોંઘુ મળે, લોકમાં ગડબડ

થાય અને ભય ઉપજે. (આયોગ ઉપલે દીવસે)

सप्तग्रहायदैकस्था गोलयोगस्तदाभवेत् ॥

दुर्भिक्षंराष्ट्रपीडा च तस्मिन् योगे न संशयः ॥ १० ॥

જો સાતે ગ્રહ એક રાશીપર એકઠા થાયતો ગોલ યોગ થાય છે. આ યોગથી દેશમાં દુકાળ પડે રાજ પીડા અને પ્રજામાં ભય ફેલાય એમાં કાંઇ સંશય નહીં.

सप्तग्रहाणां संयोगे क्षितीशमरणंध्रुवम् ॥

जगत्प्रलयमेवापि तदानिर्मानुषंजगत् ॥ ११ ॥

સાતે ગ્રહો ભેગા થાય ત્યારે નક્કી કોઇ પણ રાજા મરણ પામે. જગત્ત પ્રલયકાળ જેવું મનુષ્ય વગરનું થાય.

विनाचंद्रेणयोगोऽपि जगत्प्रलयकारणम् ॥

तद्दक्षजातजंतूनां महारोगोमहाभयम् ॥ १२ ॥

આયોગ ચંદ્ર વગરનો છે તોપણ પ્રલય કાળના હેતુ રૂપ છે. અને તે વૃશ્ચિક રાશી વાળા માણસોને મહા રોગ તથા ભય ઉત્પન્ન કરનાર છે.

अर्थनाशःस्थाननाशो मानहानिर्नृपीडनम् ॥

षण्मासाभ्यन्तरेवापि आयुर्हानिः श्रियस्तथा ॥ १३

ધનનો નાશ, ઘરબારની ખુવારી માનભંગ, માણસની હાની તથા ૬ માસમાં આયષ્ય ક્ષય થાય એટલે મરણ નીપજે અથવ. લક્ષ્મી નાશ પામે.

रविचंद्राविपर्यासे घोरोभवतिविग्रहः ॥

युद्धेयुद्धेखगेन्द्रानां सयुतौचमहर्घता ॥ १४ ॥

સૂર્ય અને ચંદ્રના વિપર્યાસથી મોટા રાજાઓમાં દારૂણયુદ્ધ થાય

થાય. ગ્રહોની લડાઇથી જગતમાં લડાઈ થાય અને તે ભેગા થવાથી મોંઘ વારી વધે,

सूर्यारचंद्रेमंदाश्च राहुचंद्रेसुतायदि ॥

एकराशिगताश्चेते दक्षिणस्याभयप्रदा: ॥ १५ ॥

उत्तरेछत्रभंगःस्यात्रकार्य्याविचारणा ॥

रविचंद्रकुजाजीव मंद चंद्रसुतायदि ॥ १६ ॥

समाश्रिताश्चेकराशि तदापृथ्वीभयाकुला ॥


राज्ञांनाशोव्याधिभयं प्रजानांसंक्षयोभवेत् ॥ १७ ॥

સૂર્ય, મંગળ, ચંદ્ર શની, રાહુ, બુધ એ ગ્રહો એક રાશીપર આવે તો દક્ષીણ દિશામાં ભયજણાય, અને ઉત્તરદિશાના કોઇ રાજા છત્ર ભંગ થાય સૂર્ય, ચંદ્ર, મંગળ ગુરૂ, શની, બુધ જો એક રાશીમાં મળે તો પૃથ્વી ઉપર ભય ફેલાય અને રાજાઓનો નાશ, રોગ, ભય, તથા પ્રજાનોક્ષય થાય.

पंचग्रहा घ्नंतिचतुष्पदांश्चषड्वैग्रहाघ्नंतिसमस्तभूपान् ॥

सप्तग्रहाघ्नंतिसमस्तदेशानष्टग्रहैःस्यात्खलुकूटयोगः ॥ १८ ॥

જો એકરાશીપર પાંચ ગ્રહ આવે તો ચોપગાં પશુઓ, ગાયો, ભેંશો, બળદો, ઘોડા, બકરાં ઇત્યાદિનો નાશ થાય, જો ૭ ગ્રહો એક રાશીપર એકઠા થાય તો રાજાઓનો નાશ થાય. તેવો યોગ પૂર્વે ઇસવીસન પહેલાં પાંચહજારવરસ ઉપર હતો. તે નીચેની કુંડળી ઉપરથી માલુમ પડશે.



કુંડળીમાના ૭ ગ્રહોનું ભેગું મળવું કૌરવ પાંડવના યુદ્ધ સમએ થયું હતું. તેનું પરિણામ શું નીપજયું તે જગ જાહેર છે તેથી લખવાની જરૂર નથી. તેમ તે વખતે અશ્વિન વદી ૩૦ અમાવાસ્યાને

દીવસે સૂર્ય ગ્રહણ અસ્તોદય એટલે ઘેરાએલો ઉગ્યો હતો, અને કારતીક સુદી પુનેમનું ચંદ્ર ગ્રહણ ગ્રસ્તાસ્ત એટલે ઘેરાએલો ચંદ્ર અસ્ત પામ્યો હતો. (ગ્રસ્તોદય તથા ગ્રસ્તાત ગ્રહણના યોગો આ વરસે પણ છે.) જેથી કરીને હજારો મનુષ્ય નાશ પામ્યા હતા. આ વરસમાં પણ એમ થવાનો સંભવ છે, જો કે તે વખતે એટલે ઉપલી કુંડળીમાં છ ગ્રહોના ભેગા શની અને મંગળ હતા નહીં તો પણ ઘણુંજ માઠું પરિણામ આવ્યું હતું, તો આ વખતે તો એ બંને પાપી ગ્રહો શનીને મંગળ સાત ગ્રહોના ભેગા મળવાથી વધારે હાનિ સુચવે છે. જે થતી આવી છે. થાય છે અને થશે. પરીણામ શું થશે તે નક્કી કહી શકાતું નથી. જો સાત ગ્રહો ભેગા મળે તો સર્વ દેશનો નાશ થાય

त्रय: सौम्याश्चतु: पापाश्चैकराशिगतायदा ॥
ग्रहसंकालितंनाम कारयथीरुधिराभवेत् ॥ १९ ॥

ત્રણ શુભગ્રહ અને ચાર પાપગ્રહ એક રાશીપર આવે તો " ગ્રહસંકુલિત " નામનો યોગ થાય છે.

अर्क: सौरि: कुज: सौरिस्तम:सौरिकुजोगुरु: ॥
गुरु सौरिसमायोगो महानाशस्यहेतवे ॥ २० ॥

સૂર્ય અને શની. મંગળ. અને શની. રાહુ અને શની. મંગળ અને ગુરૂ. ગુરૂ અને શની. આટલા ગ્રહો અરસ્પરસ એક રાશીમાં હોય તો મહા ભયંકર પરિણામ નીપજે.

मार्गशीर्षादिमासेषु शुक्लपक्षेतिथिक्षय: ।
छत्रभंगप्रजापीडांदुभिक्षंचसमादिशेत् ॥ २१ ॥

માર્ગ શીર્ષ વીગેરે મહીનાઓમાં સુદ પક્ષને વિષે જો તિથિનો ક્ષય થતો હોયતો છત્રનો ભંગ થાય, પ્રજા પીડા પામે, અને દુકાળ

૫૬ (આયોગ માગસર સુદ માંછે ૧૯૫૬)

मार्गशीर्षोकृष्णपक्षेतिथिवृद्धिश्च जायत ।

तदायुद्धाकुलापृथ्वी प्रजाक्रन्दन्तिानित्यशः ॥ २२ ॥

માગસર માસમાં વદ પક્ષને વિષે જો તિથિ વધે તો પૃથ્વી ઉ-પર યુદ્ધ અને પ્રજામાં રડારોળ થાય. (આયોગ માગસર વદમાં છે) ૧૯૫૬)

यदाशनिर्धनूराशौतदाभूपोविनश्याति ।

हाहाकारोजगत्यांचपृथ्वीस्त्रोणीतपूरिता ॥ २३ ॥

માગસર સુદ બારસે શનીશ્ચર ધનરાશીપર આવેતો રાજાઓનો નાશ કરે, પૃથ્વી ઉપર હાહા કારવર્ત્તાવે અને રૂધીરથી ભૂમી ત્રમ થાય.—માઘ, વૈશાખ, આષાઢ, એ ત્રણ માસની સંક્રાંતિઓ રવી-વારે બેસેછે. માટે એ ભયને ઉપજાવવનાર છે. ફાલ્ગુન, આશ્વિન એ બે માસનીસંક્રાંતિ મંગળવારે બેસેછે તે દુકાળને પાડે. પોસવદી અ-માંસ મંગળ વારી યુદ્ધ ને ઉપજા નારી છે. સારાંસ એ છે કે જો તીશ શાસ્ત્રથી જોતાં આવર્ષ ઘણા ભાગે સારૂ નથી. (ફારસી લોકો એમ પણ લખે છે કે નવેંબર સને ૧૮૯૯માં આ દુનિયાનો અંત આવશે. કેમકે ? સાત ગૃહોની એકતા વૃશ્ચકરાશિ ઉપર છે.) આ-સમો ગૃહોનું પરિણામ કયાં શુધી આવશે તે નક્કી કહી શકતું નથી. પછી જેવી ઇશ્વરની મરજી. શ્રી ત્રિવિકમ ભગવાન પ્રત્યે પ્રાર્થના પૂ-ર્વક અરજ કરીયે છીએ કે ? આખા ભારત વાશીને આ મહાન્ સંકટમાંથી બચાવ.. એવી અમારી વારંવાર તમારા પ્રત્યે વિનંતી છે.

ઇતિભાવિફળમ.

જાહેર ખબર.

આ પુસ્તક તમામ જાણીતા બુકસેલરો પાસેથી તથા પ્રકાશ કરનાર પાસેથી મળશે. દેશાવરના ગ્રાહકો પાસેથી ફક્ત એકજ આનાની ટીકીટ ટપાલ ખર્ચ માટે લઇ મફત મોકલવામાં આવશે માટે તાકીદે લખો

શુદ્ધ સંપ્રદાયના વેદોક્ત મંદિરમાં

